# આજે કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠક

**શ્રેણીબદ્ધ મુદ્દાઓ છવાશે : લોકસભાની ચૂંટણીમાં કારમી હારના કારણોમાં ચકાસણી થશે : જુદા જુદા રાજ્યોમાં રાજ્ય એકમોમાં ફેરફારના પણ એંધાણ : ભાવિ યોજના પર ચર્ચા થશે : નિષ્ક્રિય નેતાઓની હકાલપટ્ટી માટેની રૂપરેખા તૈયાર કરાશે**

નવી દિલ્હી,તા. ૧૮
લોકસભાની ચૂંટણીમાં



ભાજપની શાનદાર જીત અને યુપીએની કારમી હાર વચ્ચે આવતીકાલે અનેક પ્રશ્નો વચ્ચે આવતીકાલે મહત્વપૂર્ણ કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠક મળનાર છે. જેમાં તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. કોંગ્રેસ કારોબારીની બેઠકમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી કારમી હારની જવાબદારી લઈને રાજીનામુ આપવાની ઓફર કરી શકે છે. જો કે, કેટલાક સૂત્રોનું કહેવું છે કે, આવી કોઈપણ ઓફર કરવામાં આવનાર નથી. જો કે, લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ જુદા જુદા રાજ્યોમાં રહેલી કોંગ્રેસ સરકારની કામગીરી ઉપર ચોક્કસપણે ચર્ચા કરવામાં આવશે. નિષ્ક્રિય નેતાઓની ભૂમિકાને લઈને પણ ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત ચૂંટણીમાં હાર માટેના કારણોની ચકાસણી પણ કરવામાં આવશે. ૧૬મી મેના દિવસે લોકસભાની ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ કોંગ્રેસ પ્રમુખ

સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ મિડિયાની સમક્ષ ઉપસ્થિત થઈને હારની જવાબદારી સ્વીકારી હતી. ખાનગીમાં પક્ષના વરિષ્ઠ નેતાઓએ કહ્યું છે કે, કેટલાક મહત્વપૂર્ણ ફેરફારના સંકેત પણ મળી રહ્યા છે. ટિકિટ ફાળવણીમાં ખામી હતી કે કેમ તેમાં પણ તપાસ ચાલી રહી છે. કેટલાક નેતાઓની હકાલપટ્ટીના ભણકારા પણ વાગી રહ્યા છે જેમાં જયરામ રમેશ, મોહન ગોપાલ, મધુસુદન મિસ્ત્રી, મોહન પ્રકાશ અને અજય માંકનનો સમાવેશ થાય છે. નેતાઓની હકાલપટ્ટી અને પક્ષના માળખામાં ફેરફારના સંદર્ભમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ કોઈ વાત કરવાની સ્થિતિમાં નથી પરંતુ ઘણા બધા ફેરફારના સંકેત દેખાઈ રહ્યા છે. જુદા જુદા રાજ્યોમાં પક્ષ એકમમાં ફેરફારના સંકેત પણ દેખાઈ રહ્યા છે. રાહુલ ગાંધીની લીડરશીપ ઉપર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે ત્યારે આ બેઠક બોલાવવામાં આવી છે. કારોબારીની બેઠક પહેલા કેટલાકનું કહેવું છે કે, ટિકિટ ફાળવણીમાં ઘણી ભુલો રહી હતી. કેન્દ્રિય પ્રધાનોની પણ લોકસભા ચૂંટણીમાં કારમી હાર થઈ છે. પાર્ટી વર્કરો સાથે પક્ષના પ્રધાનો સીધીરીતે સંપર્કમાં ન હતા. રાહુલ ગાંધીની કામગીરી સામે પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. કારોબારીની બેઠકમાં ભાવિ રણનીતિ તૈયાર કરવામાં આવશે. પક્ષના વરિષ્ઠ નેતાઓના અભિપ્રાય લેવામાં આવશે. સાથે સાથે જુદા જુદા રાજ્યોમાં પક્ષની હાર માટેના કારણો ઉપર સમીક્ષા કરવામાં આવશે.

# ચૂંટાયેલા સાંસદોની વિસ્તૃત યાદી રાષ્ટ્રપતિને સુપ્રત કરાઈ

**તમામ ૫૪૩ સાંસદોની યાદી સોંપાઈ : ચૂંટણી પંચ દ્વારા યાદી સોંપાતા નવી કવાયત શરૂ થઇ**

નવીદિલ્હી, તા.૧૮
ચૂંટણી પંચે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને આજે ૧૬મી લોકસભાની ચૂંટણીમાં નવા ચૂંટાયેલા સભ્યોની યાદી સુપરત કરી હતી. પ્રેસ સેક્રેટરી વેણુ રાજામોનીએ માહિતી આપતા કહ્યું હતું કે, ચૂંટણી પંચની ટીમ આજે સાંજે રાષ્ટ્રપતિને મળી હતી અને આ યાદી સુપ્રત કરી હતી. તમામ ૫૪૩ સાંસદોની યાદી રાષ્ટ્રપતિને સુપરત કરવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર વીએસ સંપતના નેતૃત્વમાં ત્રણ સભ્યોની ચૂંટણી પંચની ટીમ રાષ્ટ્રપતિને મળી હતી અને આ યાદી સુપરત કરી હતી. આની સાથે જ સરકારની રચનાની પ્રક્રિયા વિધિવતરીતે શરૂ થઈ હતી. રાષ્ટ્રપતિ આ સંદર્ભમાં હિલચાલ હાથ ધરી શકે છે. ૨૦૦૯માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં યાદી તત્કાલિન રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલને ૧૮મી મેના દિવસે સોંપી દેવામાં આવી હતી. ૧૬મી મેના દિવસે મતગણતરી બાદ આ યાદી સોંપવામાં આવી હતી. ચૂંટણી પંચે પહેલાથી જ આ યાદી તૈયાર કરી લીધી હતી. હાલમાં જ યોજાયેલી ચૂંટણીમાં કેટલાક દિગ્ગજોના પરાજય થયા હતા. કેન્દ્રીય કેબિનેટના મોટાભાગના પ્રધાનો પણ હારી ગયા હતા.

# નવીન પટનાયક ચોથી વખત ઓરિસ્સાના મુખ્યમંત્રી બનશે

**વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાયા : ભુવનેશ્વરમાં પક્ષના વડામથક ખાતે હાલમાં નવા ચૂંટાયેલા ધારાસભ્યોની પ્રથમ બેઠક યોજાઈ : પટનાયકની પસંદગી**

ભુવનેશ્વર,તા. ૧૮
બીજેડીના પ્રમુખ નવીન પટનાયક સતત ચોથી અવધિ માટે ઓરિસ્સાના મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં બીજુ જનતા દળને શાનદાર જીત અપાવનાર નવીન પટનાયક આજે વિધાનસભા પક્ષની યોજાયેલી બેઠકમાં સર્વસંમતિથી નેતા તરીકે ચૂંટાઈ આવ્યા હતા. નવીન પટનાયક પણ ઓરિસ્સાના રાજકારણમાં નવો ઈતિહાસ બનાવવા જઈ રહ્યા છે. ભુવનેશ્વરમાં પક્ષના હેડક્વાર્ટર ખાતે યોજાયેલી નવા ચૂંટાયેલા ધારાસભ્યોની પ્રથમ બેઠકમાં પટનાયકની બીજેડીના નેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. પક્ષના વરિષ્ઠ સભ્ય સુદયાન કુમારી દ્વારા દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી જેને અન્ય નેતા દામોદર રાવત દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો.

આ ચૂંટણી માત્ર ઔપચારિકતા તરીકે હતી. નવીન પટનાયક બીજેડીના




બિનવિવાદાસ્પદ નેતા તરીકે રહ્યા છે. તેમની ચૂંટણી બાદ પટનાયકે તેમના નેતા તરીકે ચૂંટી કાઢવા બદલ નવા ચૂંટાયેલા સભ્યોનો આભાર માન્યો હતો. નવીન પટનાયક ૨૦૦૦થી ઓરિસ્સાના મુખ્યમંત્રી તરીકે રહ્યા છે. ઓરિસ્સા અને તેના લોકોના વિકાસ માટે કામ કરવાની કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. બીજેડી દ્વારા હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં જોરદાર સપાટો બોલાવવામાં આવ્યો હતો.

૧૪૭ સભ્યોના ગૃહમાં ૧૧૭ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો. ૨૦૦૯માં બીજેડીની બેઠકોની સંખ્યા ૧૦૩ હતી જે હવે ૧૧૭ થઈ છે. કોંગ્રેસ અને ભાજપે ક્રમશઃ ૧૬ અને ૧૦ બેઠકો જીતી છે. નવા પ્રધાનમંડળની શપથવિધિના કાર્યક્રમની ટૂંકમાં જાહેરાત કરાશે. પટનાયકના સમર્થકોમાં ભારે ઉત્સાહ છે.

# જેડીયુ સાથે જોડાણનો લાલુનો ઈન્કાર

**શરદ યાદવ સાથે વાતચીત થઇ હોવાનો ઇન્કાર : એકબીજા સાથે હાથ મિલાવવા લાલૂ અને નીતિશકુમાર પર સભ્યોનું દબાણ : બિહારમાં નવા સમીકરણ પર ચર્ચા**

પટણા,તા. ૧૮
રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ પ્રસાદ યાદવે આજે એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, બિહારના શાસક જનતા દળ યુનાઈટેડ સાથે ગઠબંધન કરવાની દિશામાં તેઓ આગળ વધી રહ્યા છે. પત્રકારો સાથે વાતચીત કરતા લાલૂએ કહ્યું હતું કે, જેડીયુ સાથે જોડાણની કોઈ શક્યતા નથી. આવો કોઈ પ્રશ્ન પણ નથી. તેમણે કહ્યું હતું કે, આરજેડી સાથે ગઠબંધન અંગેના અહેવાલ આધારવનગરના છે. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં જેડીયુની કારમી હાર થયા બાદ નૈતિક જવાબદારી સ્વીકારી લઈને બિહારના મુખ્યમંત્રી તરીકે નીતિશકુમારે ગઈકાલે જ રાજીનામુ આપી દીધું હતું. જેડીયુને લોકસભામાં બિહારની ૪૦ બેઠકો પૈકી માત્ર બે બેઠક મળી હતી. જેડીયુના જનરલ સેક્રેટરી કેસી ત્યાગીએ અગાઉ માહિતી આપતા કહ્યું હતું કે, આરજેડી જેડીયુ દ્વારા નવા નેતાની પસંદગી કરવામાં આવ્યા બાદ સરકારમાં સામેલ થશે. લાલૂ યાદવે કહ્યું હતું કે, જેડીયુ સાથે હાથ મિલાવવાના અહેવાલ આધારવગરના છે. ઉપજાવી કાઢેલી આ સ્ટોરી છે. જેડીયુના પ્રમુખ શરદ યાદવ સાથે કોઈપણ વાતચીત થઈ નથી. આરજેડી ધારાસભ્યોની બેઠક યોજી ચુકી છે. બીજી બાજુ જેડીયુના ધારાસભ્યોની પણ આજે બેઠક યોજાઈ હતી. લાલૂ યાદવના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે, જેડીયુ અને આરજેડી વચ્ચે જોડાણની હાલમાં કોઈ શક્યતા નથી. જો કે, લાલૂ યાદવ અને બિહારના નીતિશકુમાર ઉપર એક બીજા સાથે હાથ મિલાવવા



દબાણ વધી રહ્યું છે. કારણ કે બંને પક્ષોની હાલત ખુબ જ કફોડી બનેલી છે. બંને પક્ષોના ચૂંટણીમાં સુપડા સાફ થઈ ગયા છે.

# દિલ્હીમાં એએપીને ટેકો આપવા કોંગીનો ઈનકાર

નવીદિલ્હી, તા. ૧૮
લોકસભાની ચૂંટણીમાં બિલકુલ ફલોપ શો રહ્યા બાદ હવે એએપીના સભ્યો દ્વારા દિલ્હીમાં સરકારની રચનાના પ્રયાસ કરવાનું દબાણ અરવિંદ કેજરીવાલ ઉપર વધારવામાં આવ્યું છે. કોંગ્રેસે સાફ શબ્દોમાં કહ્યું છે કે, દિલ્હીમાં એએપીને ટેકો આપવાનો કોઈ પ્રશ્ન




નથી. નવેસરની ચૂંટણી લડવા માટે અમે તૈયાર છીએ. દિલ્હી કોંગ્રેસે કહ્યું છે કે, આમ આદમી પાર્ટીને ટેકો આપવાના બદલે તેઓ નવેસરની ચૂંટણી પસંદ કરશે. એએપીના ધારાસભ્યો દ્વારા સરકાર રચવાની વાત કરવામાં આવી રહી છે. દિલ્હી કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા મુકેશ શર્માએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, દિલ્હીમાં સરકારની રચના કરવા અંગે વાત કરવાનો એએપીને હવે અધિકાર નથી. કારણ કે, આ મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. વિધાનસભાને વિખેરી નાંખવાની માંગ કરીને એએપી દ્વારા સુપ્રીમમાં અપીલ કરવામાં આવી હતી. હવે ફરી સરકાર રચવાની માંગ કરવામાં આવી રહી છે. એએપીને કોઈ કિંમતે ટેકો અપાશે નહીં. અરવિંદ કેજરીવાલ નાટક કરીને દિલ્હીના લોકોને અધવચ્ચે છોડી ચુક્યા છે. કેજરીવાલ ગૃહને વિખેરી નાંખવા સુપ્રીમમાં રજૂઆત કરી ચુક્યા છે. આવી સ્થિતિમાં એએપીને ટેકો અપાશે નહીં. લોકસભાની ચૂંટણીમાં એએપીને દિલ્હીમાં એક પણ બેઠક મળી નથી. અલબત્ત તેના ઉમેદવારો દિલ્હીમાં તમામ સાતેય બેઠકો ઉપર બીજા ક્રમાંકે રહ્યા છે. જ્યારે કોંગ્રેસના સાંસદો ત્રીજા ક્રમે રહ્યા છે.

# યુપી બાદ અમિત શાહને મિશન મહારાષ્ટ્ર સોંપવા ચર્ચા

**ચૂંટણી રણનીતિ માસ્ટરની માંગ વધી : મહારાષ્ટ્રમાં ટૂંકમાં વિધાનસભાની ચૂંટણી**

મુંબઈ ,તા. ૧૮
લોકસભા ચૂંટણીમાં ભાજપને



ઉત્તરપ્રદેશમાં ઉલ્લેખનીય સફળતા અપાવનાર અમિત શાહની માંગ એકાએક વધી ગઈ છે. ઉત્તરપ્રદેશમાં ભાજપને ૮૦માંથી ૭૧ સીટ અપાવનાર અમિત શાહની માંગ અન્ય રાજ્યોમાં પણ જોવા મળી રહી છે. નરેન્દ્ર મોદીના નજીકના વિશ્વાસુ અને ચૂંટણી રણનીતિના માસ્ટર ગણાતા અમિત શાહ દ્વારા યુપીમાં તૈયાર કરવામાં આવેલી રણનીતિથી પ્રભાવિત થઈને મહારાષ્ટ્ર ભાજપ દ્વારા પણ શાહની મદદ લેવાની તૈયારી દર્શાવી છે. મહારાષ્ટ્રમાં ભાજપ આગામી પાંચ મહિનામાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં જીત હાંસલ કરવા માટે અમિત શાહના અનુભવ અને માર્ગદર્શન લેવા ઈચ્છુક છે. સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપે હવે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપીની સરકારને બદલવા મિશન તૈયાર કર્યું છે. આમા સફળતા મેળવવા માટે મિશન બનાવવામાં આવ્યું છે અને અમિત શાહને જવાબદારી સોંપવાની તૈયારી ચાલી રહી છે. હાલમાં મહારાષ્ટ્રના પ્રભારી ભાજપના મહાસચિવ રાજીવ પ્રતાપ રુડી છે. ભાજપના એક વરિષ્ઠ નેતાએ કહ્યું છે કે, વિધાનસભા ચૂંટણીમાં અમિત શાહના અનુભવ અને માર્ગદર્શનની મદદ લેવામાં આવશે. ૧૯૯૫થી ૧૯૯૯ દરમિયાન મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના ગઠબંધનની સરકાર હતી ત્યારબાદથી આ ગઠબંધનને સત્તા મળી નથી.

# જયલલિતાને પૂર્ણ સહકારની નરેન્દ્ર મોદીએ ખાતરી આપી

**જયલલિતા સાથે મોદીની ફોન પર વાતચીત : જયાએ ભાવિ વડાપ્રધાન મોદીને સફળતા માટે શુભેચ્છા પાઠવી : કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંબંધો સુધરશે : જયા**

નવીદિલ્હી, તા.૧૮
નરેન્દ્ર મોદીએ આજે તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતા સાથે વાતચીત કરી હતી અને કેન્દ્ર અને તેમના રાજ્ય વચ્ચે સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી. લોકસભાની ચૂંટણીમાં જયલલિતાની પાર્ટીની પણ હાલમાં શાનદાર જીત થઈ હતી. સૂત્રોએ કહ્યું છે કે, મોદીએ ફોન ઉપર જયલલિતા સાથે વાત કરી હતી અને ચૂંટણીમાં ભાજપની અભૂતપૂર્વ જીત બદલ તેમને અભિનંદન આપવા બદલ તેમનો આભાર માન્યો હતો. જયલલિતાએ આ સંદર્ભમાં હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી પરંતુ એવું જાણવા મળી રહ્યું છે કે, નરેન્દ્ર મોદી દરેક રાજ્યોને સાથે લઈને ચાલવાની તેમની યોજનાને હવે આગળ વધારી રહ્યા છે. યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, જયલલિતાએ ભારતના વડાપ્રધાન તરીકે ખુબ જ સફળ અવધિ માટે મોદીને શુભેચ્છા પાઠવી છે. બીજી બાજુ મોદીએ પણ ખાતરી આપી છે કે, કેન્દ્ર અને તમિળનાડુ સરકાર વચ્ચે સહકાર રહેશે. ૧૭મી મેના દિવસે મોદીને લખવામાં આવેલા પત્રમાં જયલલિતાએ કહ્યું હતું કે, ૧૬મી લોકસભાની ચૂંટણીમાં ભવ્ય જીત બદલ તેઓ અભિનંદન આપે છે. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું હતું કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે અર્થપૂર્ણ સહકારના યુગની શરૂઆત થશે તેવી આશા તેઓ રાખે છે. જયલલિતા અને મોદીના સંબંધો અગાઉ પણ ખુબ સારા રહ્યા છે. બંને નેતાઓ એકબીજાની શપથવિધિમાં ઉપસ્થિત રહી ચુક્યા છે.

જો કે, આ બંને પક્ષો લોકસભાની હાલમાં યોજાયેલી ચૂંટણીમાં જુદા જુદા રહ્યા હતા.



જયલલિતાએ પ્રચાર દરમિયાન કહ્યું હતું કે, તમિળનાડુ વિકાસના મામલામાં ગુજરાત કરતા આગળ છે. આના જવાબમાં ભાજપે પણ આકરો જવાબ આપ્યો હતો. મોદી તમિળનાડુમાં આ વખતે અસરકારકરીતે ઉભર્યા હતા. અન્નાદ્રમુક અને ડીએમકે બંનેના વિકલ્પ તરીકે ભાજપ છે તેવો દાવો તમિળનાડુમાં ભાજપના નેતાઓ દ્વારા કરાયો હતો.

# મોદીની જીતમાં યુવા ટીમની ખાસ ભૂમિકા

**મોદીના પ્રચારને અસરકારક બનાવવા - વિપક્ષની તમામ નિતીને નિષ્ફળ બનાવવામાં ટીમની પ્રમુખ ભૂમિકા હતી**

નવી દિલ્હી,તા. ૧૮
૧૬મી લોકસભામાં ભાજપની ઐતિહસિક જીતમાં પડદા પાછળની યુવા ટીમની પણ ચાવીરૂપ ભૂમિકા રહી છે. મોદીની પહેલ પર બનાવવામાં આવેલી શિસ્તઅને સમર્પિત યુવાનોની ટીમે ખુબ શાનદાર ભૂમિકા અદા કરી હતી. આ યુવા ટીમ દિન રાત પડદા પાછળથી રણનિતી પર સક્રિય રહી હતી.

મોદીના ચૂંટણી પ્રચારને અસરકારક બનાવવા માટે આ ટીમ લશ્કરની જેમ મારક રણનિતી અને વિપક્ષની દરેક નિતીને નિષ્ફળ બનાવવા માટે કામ કરી રહી હતી. આ ટીમના તમામ યુવા નિષ્ણાંત ગુજરાતના હતા. આ ટીમ મોદીને ચૂંટણી રેલીમાં તેમના ભાષણથી ૧૫ મિનિટ પહેલા જ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીએ આપેલા ભાષણથી વાકેફ કરી દેતા હતા. આ તમામ યુવા ટેકી ભાજપના વડામથક૧૧, અશોક રોડ સ્થિત ઈલેકશન વોર રૂમના રડાર પર રહેતા હતા. અહીંથી જ નરેન્દ્ર મોદીની દરેક યોજના વાસ્તવિક બનાવવામાં આવી હતી. રણનિતી બનાવવાના મામલે અસામાન્ય પ્રતિભા રાખનાર મોલિક્યુલર વાયલોજિસ્ટ અને અમદાવાદમાં ટોરંટ ફાર્માના ઉપ પ્રમુખ વિજય ચોથાઈવાળાને ભાજપ દિલ્હી લઈને પહોંચ્યા હતા. યુનાઈટેડ કિંગડમ બેસ્ડ અક્કીજિશન એન્ડ મર્જર મનોજ લાડવા મોદીની રિસર્ચ એનાલિસીસ એન્ડ મેસેજિંગ ટીમને લીડ કરી રહ્યા હતા. આ ટીમ ઉત્તરપ્રદેશના લખનૌ અને વારાણસી કન્ટ્રોલરૂમથી કામ કરી રહી હતી. મોદીની ડિજિટલ ઝુંબેશની જવાબદારી દિલ્હીમાં સિલિકન વેલીમાંથી આવેલા અરવિન્દ ગુપ્તા અને ગાંધીનગરમાં હિરેન જોશી સંભાળી રહ્યા હતા. ચૈથાઈવાળાએ એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં કહ્યું હતું કે અમે સાથે મળીને રાજકીય, બિન રાજકીય, અને રચનાત્મક પક્ષોને સામેલ કરીને સમગ્ર પ્રચારને અંજામ આપી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે આ તેમની પ્રથમ ચૂંટણી પ્રાચર ઝુંબેશ હતી. મોદીની ટીમ સમગ્ર પાસાઓ ઉપર સક્રિય હતી. આ ટીમ એવા મેસેજ અને સ્લોગન તૈયાર કરતી હતી જે જુદા જુદા લોકોને તરત યાદ રહી જાય છે. મોદીને દેશના ખાસ ક્ષેત્રોમાં બોલવા માટે આ ટીમ વિશેષ શબ્દ તૈયાર કરતી હતી.

## રાહુલ-સોનિયાની રેલી ઉપર ટીમની નજર હતી મોદીને ૧૫ મિનિટમાં વાકેફ કરતા હતા

નવીદિલ્હી ,તા. ૧૮
નરેન્દ્ર મોદીને જીત અપાવવામાં યુવા ટીમની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. આ યુવા ટીમની રચના નરેન્દ્ર મોદી દ્વારા જ કરવામાં આવી હતી. વિરોધપક્ષોના આરોપો ઉપર અમે મુદ્દાઓ તૈયાર કરીને મોદીને ભાષણ આપવાથી ૧૫ મિનિટ પહેલા આપી દેતા હતા. જાણકાર લોકોનું કહેવું છે કે, અમારા એજન્ડાઓ બિલકુલ સ્પષ્ટ હતા. વિરોધ પક્ષો દ્વારા ઉઠાવવામાં આવેલા દરેક પ્રશ્નનો નરેન્દ્ર મોદી તેમના ભાષણમાં જવાબ આપે તેવો મુખ્ય હેતુ હતો. આ યુવા ટીમની અસરકારક કામગીરીના પરિણામ સ્વરુપે મોદીને શાનદાર જીત મળી છે. અતિ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ આ ટીમ દ્વારા કરવામાં આવ્યો હતો. ટીમમાં રહેલા યુવાનો ખુબ જ શિસ્તમાં રહેતા હતા.

# મોદી ઈફેક્ટ : એફઆઈઆઈ દ્વારા એક લાખ કરોડનુ રોકાણ

નવી દિલ્હી,તા. ૧૮
ભારતીય જનતા પાર્ટી દ્વારા ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી વિદેશી મુડીરોકાણકારો દ્વારા રોકાણમાં વધારો કરી દેવામાં આવ્યો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો અથવા તો એફઆઈઆઈ દ્વારા ઈન્ડિયન સિક્યુરિટી માર્કેટમાં એક લાખ કરોડ કરતા વધારે રોકાણ કર્યું છે. માર્કેટ રેગ્યુલેટર બોર્ડ સેબીના નવા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરાયા બાદથી એફઆઈઆઈ દ્વારા ભારતીય ઈક્વિટી માર્કેટમાં શુદ્ધ રીતે ૮૮,૭૭૨ કરોડનુ રોકાણ કરવામાં આવ્યું છે. જ્યારે બોન્ડ માર્કેટમાં ૧૩૩૯૯ કરોડ રૂપિયાનુ રોકાણ કરવામાં આવ્યુંહતુ. આવી જ રીતે કુલ મુડીરોકાણનો આંકડો ૧૦૨૧૭૧ કરોડ સુધી પહોંચી ગયો છે. ભાજપ દ્વારા ૧૩મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. માર્કેટ નિષ્ણાંતોના જણાવ્યા મુજબ એફઆઈઆઈ સુધારને પ્રોત્સાહન આપનાર સરકારની આશામાં રોકાણમાં વધારો થયો છે.